# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY, GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org


તા: ૧૫/૪/૨૦૧૫

<u>અખબારીયાદી</u>

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષયો આધારિત વેકેશન વર્કશોપનું આયોજન

વિદ્યાર્થીઓ વેકેશનના સમયનો સદઉપયોગ કરે, તેમજ તેઓમાં ક્રિયાત્મક કૌશલ્યનો વિકાસ થાય અને તેઓમાં રહેલી રચનાત્મક શકિત ખીલે તેવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૦ એપ્રિલથી વેકેશનના સમય દરમિયાન વિવિધ વિષયો આધારિત વેકેશન વર્કશોપના કાર્યક્રમનું આયોજન **<u>કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,</u>** ખાતે કરવામાં આવેલ છે. જેમાં ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ જોડાઈ શકશે.

આ વેકેશન વર્કશોપનું આયોજન જુદા જુદા ચાર વિભાગોમાં કરવામાં આવેલ છે. **(૧)** <u>પેપર ક્રાફટીગ</u> (ઓરીગામી) વર્કશોપ, જેમાં કાગળના વિવિધ રમકડાં બનાવવા, ક્રિએટીવ ક્રાફટ વેગેરે પ્રવૃતિ કરાવવામાં આવશે. **(૨)** <u>સાયન્સ/મેથ્સ મોડેલ મેકિંગ વર્કશોપ,</u> જેમાં વિજ્ઞાન તેમજ ગણિતના મોડેલ બનાવવા, સાયન્ટીફીક ગેઈમ, **SCIENCE EXPERIMENT CONTEST, VAIDIK MATHS** જેવી પ્રવૃતિઓને આવરી લેવામાં આવશે.**(૩)** **<u>SPACE WORKSHOP</u>** જેમાં વિદ્યાર્થીઓ બ્રહ્માંડ વિશની જાણકારી તેમજ જેના દ્વારા બ્રહ્માંડ દર્શન કરી શકાય છે તે ટેલિસ્કોપની રચના અને તેનું મોડેલ બનાવવું જેવી પ્રવૃતિઓ તજજ્ઞ દ્વારા કરાવવામાં આવશે.

આ ઉપરાંત બહેનો માટે **WOMEN'S CREATIVITY WORKSHOP** કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં વાનગી હરિફાઈ, વેસ્ટ માંથી બેસ્ટ જેવા કાર્યક્રમો યોજાશે. વર્કશોપનો સમય સવારના ૯ થી ૧૨ રાખવામાં આવશે. દરેક વર્કશોપ પાંચ દિવસનો રહેશે. વર્કશોપ દીઠ રૂ.૫૦ ફી રહેશે.

વર્કશોપ અંગેની વધુ માહિતિ તથા ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના નામની નોંધણી તા. **<u>૧૮/૪/૨૦૧૫ સુધીમાં</u>** કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ''વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર ખાતે રૂબરૂ અથવા ફોન. ૨૫૭૦૧૧૧/૧૧૦ પર સવારના ૧૦ થી સાંજના ૬ કલાક દરમિયાન સંપર્ક કરી શકશે. વર્કશોપમાં ભાગ લેનાર તમામને સર્ટીફીકેટ આપવામાં આવશે.

પ્રી.પી.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.